ક્રિમીનલ કેસ નં. ૩૨૬૦/૨૦૨૪
આંક -૭

**આરોપીની જુબાની**

**દાહોદના મહે એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની રૂબરૂ હાજર થઈ લખાવુ છુ**

મારૂ નામ :- હીરાલાલ ગુલાબરાય મનસુખાણી

મારા પિતાનું નામ :-ગુલાબરાય લધ્ધારામ મનસુખાણી

મારી ઉંમર આશરે :- ૪૮

ધંધો :-વેપાર

રહેનાર :-સીન્ધી સોસાયટી દાહોદ તા. જી.દાહોદ મો.નં. ૯૭૨૬૪ ૬૩૬૫૨

**સવાલ** **:-** તમોને ફરીયાદીના કેસના કાગળોની નકલો વિના મુલ્યે મળેલ છે ?

**જવાબ** **:-** હાજી.

**સવાલ** **:-** ફરીયાદી દાહોદ શહેરમા રહીને નાણા ધીરધારનો ધંધો કરે છે તે અંગે તમોને ધંધા અર્થે નાણાકીય મદદની જરુર હોય તમો આરોપીએ તા. ૭/૭/૨૩ના રોજ રૂ. ૫,૦૦,૦૦૦/- પંદર ટકાના વાર્ષીક વ્યાજ સહીત લીધેલ છે જે નાણા ચુકવી આપવાની જવાબદારી પેટે તમો આરોપીએ આડીબીઆઈ બેન્ક દાહોદના ખાતા નં. ૦૪૪૫૧૦૨૦૦૦૦૦૩૯૫૭નો ચેક નં. ૧૪૦૪૯૯ તા. ૨૦/૪/૨૪ના રોજનો રૂ. ૫,૦૦,૦૦૦/- પોસ્ટ ડેટેડ ચેક નાણા લીધા તારીખે સહી કરીને આપેલ અને નાણા લીધા બાદ લીધેલ મુડીનુ કોઈ વ્યાજ ચુકવેલ નથી કે લીધેલ નાણા તમોએ ફરીયાદીને ચુકવી આપેલ નથી જેથી તમો આરોપીએ આપેલ ચેક ફરીયાદીએ અર્બન કો.ઓ.બેન્ક લી.દાહોદના બેન્ક ખાતામા જમા કરાવતા તા. ૩૧/૫/૨૪ના રોજ ચેક રર્શીર્ટન મેમા સાથે અનાદર થઈ પરત આવેલ જેથી ફરીયાદીએ પોતાના વકીલશ્રી મારફત આરપીએડીથી **તા.૨૪/૬/૨૪**ના રોજ નોટીસ મોકલાવેલી જે નોટીસ તમોને રીફ્યુઝના શેરા સાથે બજી ગયેલ હોવા છતાં પણ નોટીસનો કોઈ જવાબ આપેલ નથી કે નાણા પરત કરેલ નથી તેમ કરીને તમોએ નેગોશ્યીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો શીક્ષાને પાત્ર ગુનો કરેલ છે તમોને ગુનો કબુલ છે.

**જવાબ :-** ના જી મને ગુનો કબુલ નથી મારે કેસ આગળ ચલાવવો છે.

**સવાલ :-** ફરીયાદીએ ફરીયાદની સાથે રજુ રાખેલ **આંક-૪**ની સોગંધ ઉપરની સરતપાસમાં દસ્તાવેજી પુરાવા **આંક-૮ થી આંક-૧૪** અસલ રજુ રાખેલ છે.તો તમારે આ દસ્તાવેજની વીગતો બાબતે તમો આરોપીએ શુ કહેવુ છે?

**જવાબ :-** અગાઉના વ્યવહારની પુરેપુરી રકમ ફરીયાદીને ચુકવી દીધેલ હોવા છતા અગાઉ આપેલ ચેકનો મીસયુસ કરી અમારા વીરુધ્ધ ખોટી ફરીયાદ કરેલ છે. ચેકનો દુર ઉપયોગ કરેલ છે હાલના કામે ખોટી રીતે ચેક ભરી ખોટી ફરીયાદ કરેલ છે ફરીયાદમા જણાવેલ તારીખનો પક્ષકારો વચ્ચે કોઈ વ્યવહાર થયેલ નથી.

**સવાલ:-** તમો ફરીયાદીને નાણા પરત કરવા માગો છો કે નેગોશ્યીએબલ ઈન્સ્ટ્રેમેન્ટ એકટની કલમ-૧૪૫મુજબ તમો તમારો બચાવ રજુ કરવા માગો છો.

**જવાબ :-**બચાવ રજુ કરવા માગીએ છીએ.

તારીખ- ૦૯/૧૦/૨૦૨૪

સ્થળ - દાહોદ.

..........................................
આરોપીની સહિ.

મારી રૂબરૂ

( નિમિષા ગંગારામભાઈ સુરતી )
એડીશ્નલ ચીફ જયુડી.મેજી.દાહોદ.
જી.જે.૦૦૭૧૧